# RTE એક્ટ-૨૦૦૯ અન્વયે શૈક્ષણિક વર્ષઃ૨૦૨૫-૨૬ માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ધોરણ-૧ માં પ્રવેશની પૂરક જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલ્સરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨ (૧) ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ % મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જૂન-૨૦૨૫નાં રોજ છ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા બાળકોને RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે બાળકના વાલી https://rte.orpgujarat.com વેબસાઈટ પર તા.૨૮/૦૨/૨૦૨૫, શુક્રવારથી તા.૧૬/૦૩/૨૦૨૫,રવિવાર દરમિયાન પ્રવેશ ફોર્મ ભરવા અંગે તા. ૧૯/૦૨/૨૦૨૫નાં રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ.

**અગાઉ કેટેગરી ક્રમાંકઃ (૮-જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી , ૯-રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો ,૧૧-SC-ST કેટેગરીના બાળકો, ૧૨-SEBC કેટેગરી, ૧૩- જનરલ કેટેગરી)નાં બાળકો માટે ઓનલાઈન અરજી કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તારમાં રૂ. ૧.૫૦/-લાખ આવક મર્યાદા હતી જે શિક્ષણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૫ના પત્રથી મળેલ મંજુરી અન્વયે હવેથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર બન્ને માટે વાર્ષિક રૂ. ૬.૦૦/- લાખ કરવામાં આવેલ છે.**

**આથી, વાર્ષિક રૂ. ૬.૦૦/-લાખ કે તેથી ઓછી** આવક ધરાવતા ઉપર જણાવેલ કેટેગરી ક્રમાંકઃ ૮,૯,૧૧,૧૨ અને ૧૩ના બાળકોના વાલીશ્રીઓ https://rte.orpgujarat.com વેબસાઈટ પર **તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર** સુધી ઓનલાઈન અરજી કરી શકશે.તથા અન્ય કેટેગરી તથા અગાઉ કોઈ કારણસર અરજી ન કરી શકનાર અરજદારો પણ આ સમયગાળા દરમિયાન અરજી કરી શકશે. આ અંગેની જરૂરી વિગતો જેવી કે અરજી સાથે કયા કયા આધાર-પુરાવા,કયાં અધિકારીના રજૂ કરવાના છે તે સહિતની તમામ વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.

તથા, ચાલુ વર્ષે જે અરજદારોની અરજીઓ અગાઉ નિર્દિષ્ઠ કરેલ આવક કરતા વધુ આવક (પરંતુ રૂ. ૬.૦૦ લાખ કરતા ઓછી) હોવાના કારણે જિલ્લા કક્ષાએ અમાન્ય (REJECT) થયેલ હોય તેઓ પણ પુનઃ ઓનલાઈન અરજી કરી શકશે. બાકીની વિગતો અગાઉની જાહેરાત મુજબ યથાવત રહેશે.

**તા. ૧૬/૦૩/૨૦૨૫**
**સ્થળઃ ગાંધીનગર**

**(ડૉ.એમ.આઈ.જોષી)**
**પ્રાથમિક શિક્ષણ નિયામક**
**ગુ.રા.ગાંધીનગર**

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬

# RTE ACT-2009 હેઠળ પ્રવેશ પ્રક્રિયા માટેનો

# સંભવિત કાર્યક્રમ

| પ્રક્રિયા | સમયમર્યાદા | આપેલ કુલ દિવસો |
|---|---|---|
| **પૂરક જાહેરાત પ્રસિદ્ધ કર્યા તારીખ** | **તા. ૧૬/૦૩/૨૦૨૫** | |
| ઓનલાઈન ફોર્મ ભરવા આપવાના થતા દિવસ | તા. ૨૮/૦૨/૨૦૨૫ થી<br>તા. ૧૫/૦૪/૨૦૨૫ | દિન-૪૭ |
| જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી કરી એપ્રુવ/રીજેક્ટ કરવાનો સમયગાળો | તા. ૨૮/૦૨/૨૦૨૫ થી<br>તા. ૧૬/૦૪/૨૦૨૫ | દિન-૪૮ |
| માત્ર અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓમાં ખૂટતાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને પુનઃ તક આપવા માટેનો સમયગાળો | તા. ૨૧/૦૪/૨૦૨૫ થી<br>તા. ૨૩/૦૪/૨૦૨૫ | દિન-૩ |
| માત્ર અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓ પૈકી પુનઃ ડોક્યુમેન્ટ અપલોડ થયેલ ઓનલાઈન ફોર્મની જિલ્લા કક્ષાએ ચકાસણી કરવાનો સમયગાળો | તા. ૨૧/૦૪/૨૦૨૫ થી<br>તા. ૨૪/૦૪/૨૦૨૫ | દિન-૪ |
| પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવાની તારીખ | તા.૨૮/૦૪/૨૦૨૫ | |